**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૭/૧૨/૨૦૧૪ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૩૨/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી ૧૯૪ લીટર દેશી દારૂ, ૬૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન અને એક સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધાર હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૩૩/૧૪</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>દુષ્પ્રેરણ :-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૩૪/૧૪</u>**

**દાણીલીમડા :** રોશનબહેન અયુબભાઇ મલેક (રહે.છોટાલાલ નાથાલાલની ચાલી, મરીયમબીબી ચાર રસ્તા પાસે, ગોમતીપુર) એ તા.૨૬/૧૨/૧૪ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી મહેજબીનાબાનુએ તેના પતિ મુસ્તાકઆલમ પરમાર તેમજ સાસરીયાઓના ત્રાસથી તા.૧૬/૧૨/૧૪ નારોજ મહેજબીનાબાનુએ જાતેજ પેટનાં ભાગે છરીથી ઘા માર્યા હતા અને સારવાર દરમ્યાન તા.૨૧/૧૨/૧૪ નારોજ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૩૫/૧૪</u>**

**વસ્ત્રાપુરઃ (૧)** પારસ દિલીપભાઇ સોમાણી (રહે.કસ્તુરી-૨, શીખર ટાવરની સામે, સેટેલાઇટ) એ તા.૨૬/૧૨/૧૪ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી અજય યશવંતભાઇ કામલે (રહે. કલ્યાણીવાડ ખાનપુર) એ થલતેજ ગુરૂદ્વારાની સામે આવેલ લેન્ડમાર્ક ઓટો મોબાઇલ્સ પ્રા.લી. કંપનીમાં ઓક્ટોબર ૨૦૦૯ થી ઓક્ટોબર ૨૦૧૪ દરમ્યાન પોતાના હોદ્દાનો દુરપયોગ કરી, કંપનીનાં અગત્યના દસ્તાવેજો સાથે ચેડા કરી, ૧૧ ડમી કર્મચારીઓના પગારની વિગતો કંપનીમાં દર્શાવી, કંપનીમાંથી રૂપિયા ૮૧,૮૩,૧૮૭/- પગાર પેટે મેળવી લઇ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

**(૨)** પુર્વી અમિતભાઈ પટેલ (રહે.રકનપુર કલોલ ગાંધીનગર) એ તા.૨૬/૧૨/૧૪ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) બાદલ પરાગ શાહ (૨) પરાગ શાહ અને (૩) રીયા બાદલ શાહ (તમામ રહે.રોઝવુડ એસ્ટેટ સેટેલાઈટ) એ ભેગામળી ઓક્ટોબર ૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ પ્લેટીનમ પ્લાઝા ખાતે ગજ્જુ સ્ટોક ટ્રેડીંગ પ્રા.લી. નામની ઓફીસ ખાતે પુર્વી પટેલને લલચામણી સ્કીમ સમજાવી રૂપિયા ૬૦,૦૦,૦૦૦૦/- નુ રોકાણ કરાવ્યુ હતુ. જે રૂપિયા માંગતા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ કે રાણા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં. ૩૧૩૬/૧૪**

**આનંદનગર :** વાલજીભાઇ પ્રેમજીભાઇ પટેલ (રહે.ગાર્ડન રેસીડન્સી, વિભાગ-૧, સાઉથ બોપલ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૧૪ રાતનાં ૧૦/૪૫ થી તા.૨૬/૧૨/૧૪ સવારનાં ૭/૧૫ વાગ્યા દરમ્યાન આનંદનગર વ્રજવિહાર-૭ ખાતે આવેલ પોતાની વ્રજ સુપર માર્કેટ નામની દુકાન નંબર-૨૧ નાં બાથરૂમનાં સળીયા વાળી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ડ્રોઅરમાંથી રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**મણીનગર :** જયદિપભાઈ સત્યનારાયણ ખજાનચી (રહે.દેવીપાર્ક સોસાયટી, ગોપાલચોક ભૈરવનાથ રોડ, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૧૪ સાંજનાં ૭/૦૦ થી તા.૨૬/૧૨/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૩,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં. ૩૧૩૭/૧૪**

**ચાંદખેડા :** રામ અંબાદાસ પેરે (ઉ.વ.૨૭)(રહે.અશ્વમેઘ સોસાયટી, આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ માનસીક બીમારીનાં કારણે તા.૨૬/૧૨/૧૪ બપોરનાં ૧૨/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.